# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-09-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી – ભાવનગર મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભરતાનું આહ્વાન કર્યું છે. પ્રધાનમંત્રીએ આજે ભાવનગરમાં 32 હજાર કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત બાદ 'સમુદ્ર સે સમૃદ્ધિ' કાર્યક્રમને સંબોધન કરતી વખતે ઉમેર્યું કે, વર્ષ 2047 સુધીમાં વૈશ્વિક દરિયાઈ વેપારમાં હિસ્સો ત્રણ ગણો કરવાનો ભારતનો લક્ષ્યાંક છે.

ભારતની ઐતિહાસિક દરિયાઈ શક્તિનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, એક સમય હતો જ્યારે વિશ્વનો 40થી 50 ટકા દરિયાઈ વેપાર ભારતમાં બનેલા જહાજ દ્વારા થતો હતો. તેમણે ઉમેર્યું, દેશ હવે તેના વારસાને ફરીથી મેળવવા અને વૈશ્વિક દરિયાઈ શક્તિ તરીકે ઉભરી આવવા માટે સખત મહેનત કરી રહ્યો છે.

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલય હેઠળના 66 હજાર કરોડ રૂપિયાના 21 સમજૂતી કરાર પણ વર્ચ્યૂઅલી સમર્પિત કર્યા હતા.

------------------------------------------------------------------------------------

## સોલાર વિલેજ ધોરડોનું ઇ-લોકાર્પણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાવનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કચ્છના ધોરડો સૌરઊર્જા ગામનું ઇ-લોકાર્પણ કર્યું. મહેસાણાના મોઢેરા, ખેડાના સુખી અને બનાસકાંઠાના મસાલી ગામ બાદ ધોરડો રાજ્યનું ચોથું સૌરઊર્જાથી સંચાલિત ગામ બન્યું છે. સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંગઠન- U.N.W.T.O. દ્વારા શ્રેષ્ઠ પ્રવાસ ગામ તરીકે પ્રતિષ્ઠિત ધોરડો ગામનું પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજના હેઠળ 100 ટકા સૌરીકરણ કરાયું છે.

ધોરડો ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા અને જીલ્લાના ધારાસભ્યોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

ધોરડોના સરપંચ મિંયા હુસેને જણાવ્યું કે, છેવાડાના ગામ ધોરડોના ઘરોમાં સોલાર રૂફટોપ લાગવાથી લોકોનું બિલ ન્યૂનતમ થઇ જશે અને ગામના લોકોને ઘણો ફાયદો થશે. આ કામગીરીથી ગામના લોકોમાં અત્યંત ખુશીની લાગણી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

(બાઈટ)

---------------------------------------------------------------------------------------

## ઋતુ પ્રવાસી પક્ષી ગણતરીનો પ્રારંભ

કચ્છમાં ઋતુ પ્રવાસી પક્ષી ગણતરીનો પ્રારંભ થયો છે. રાજ્ય વન વિભાગના અગ્ર મુખ્ય વન સંરક્ષક ડો. જયપાલ સિંહની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં આ પક્ષી ગણતરી કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી સિંહે કચ્છ જિલ્લાને પર્યાવરણીય દ્રષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ જિલ્લો ગણાવ્યો હતો. પક્ષીઓની બાબતમાં કચ્છનું મહત્વ અનેકગણું વધી જાય છે તેમ જણાવીને તેમણે ઉમેર્યું કે, બન્ની ગ્રાસલેન્ડ, વેટલેન્ડ, રણ વગેરે પ્રાકૃતિક વૈવિધ્ય સભરતા કચ્છને પ્રાપ્ત થઈ છે.

ઉલ્લેખનીય છે કે, દેશના ૧૬ અલગ-અલગ રાજ્યોમાંથી રેકર્ડ સંખ્યામાં ૧૯૦ કરતાં વધુ પક્ષીવિદો અને સ્વયંસેવકો આ અભિયાનમાં જોડાયા છે. પક્ષીઓની ગણતરી ચોક્કસાઈથી થાય તે માટે સમગ્ર કચ્છ વિસ્તારને પાંચ પાંચ કિલોમીટરના ગ્રીડમાં વહેંચીને ૫૧ ઝોન બનાવવામાં આવ્યા છે. દરેક ઝોનમાં સ્વંયસેવકોની ટીમ બનાવીને વૈજ્ઞાનિક રીતે સર્વેક્ષણ હાથ ધરવામાં આવશે. દેશ-વિદેશના લાખોની સંખ્યામાં યાયાવર પ્રવાસી પક્ષીઓ કચ્છમાં રોકાણ કરે છે. જેથી, આ અભ્યાસથી સ્થળાંતરી પક્ષીઓની હિલચાલ તથા વસ્તી સંરક્ષણ અંગે વૈશ્વિક સ્તરે ઉપયોગી માહિતી પ્રાપ્ત ઉપલબ્ધ બનશે.

---------------------------------------------------------------------------------------

## ક્ષતિગ્રસ્ત રસ્તાઓની સમીક્ષા

ભારે વરસાદ બાદ જિલ્લામાં ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓના હાલમાં ચાલી રહેલા રિપેરીંગ અને રિસર્ફેસિંગને લઈને જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

શ્રી પટેલે ટ્રાન્સપોર્ટ એસોસિએશન અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓની હાજરીમાં જ નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે, જીએસઆરડીસીના અધિકારીઓને ગુણવત્તાયુક્ત રીતે અને સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવા તાકીદ કરી હતી.

તેમણે જાહેરજનતાને પરિવહનમાં કોઈ જ મુશ્કેલી ના પડે તે રીતે કામગીરી કરવા વિવિધ વિભાગના ઈજનેરોને તાકીદ કરી હતી. મીટિંગ દરમિયાન ભુજ-ખાવડા રોડ, કંડલા પોર્ટ રોડ, પ્રાગપર મુન્દ્રા ચોકડી રોડ, ભુજ-ભચાઉ હાઈવે, ભચાઉ-સામખીયાળી અને સામખીયાળીથી માળીયા સહિત જીલ્લાના વિવિધ રોડની રિપેરીંગની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## <u>સ્વચ્છોત્સવ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ</u>

બીજી ઓક્ટોબરે મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિતે સ્વચ્છ ભારત દિવસની ઉજવણીનાં ભાગરૂપે ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન હેઠળ ૧૭ સપ્ટેમ્બર થી ર ઓક્ટોબર સુધી “સ્વચ્છતા હી સેવા-૨૦૨૫” ને “સ્વચ્છોત્સવ તરીકે ઉજવણી કરાઇ રહી છે.

આ ઉજવણીના ભાગરૂપે કચ્છભરના વિવિધ ગામોમાં સામૂહિક તથા વ્યક્તિગત શૌચાલયના ખાતમુહૂર્ત તથા લાભાર્થીઓને મંજૂરી પત્રો આપવામાં આવ્યા હતા. આ સાથે જ ઠેર ઠેર સ્વચ્છતા કાર્યક્રમો તથા જનજાગૃતિની પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે.

વિવિધ નગરપાલીકાઓ દ્વારા સામાન્ય સફાઈની કામગીરી અંતર્ગત વાણીજયીક વિસ્તાર, રહેણાંક વિસ્તારો અને ઝુંપડપટ્ટી વિસ્તારોની સફાઈ તેમજ બાગ-બગીચાઓ, ફૂટપાથ સફાઇ સહિતની કામગીરી હાથ ધરાઇ હતી. આ સાથે જ શહેરીજનોમાં જનજાગૃતિ આવે તે માટે સ્વચ્છતા રેલીઓનું આયોજન કરાયું હતું. બંદરીય શહેર માંડવી નગરપાલિકા દ્વારા રંગોળીના માધ્યમથી સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

તો "સ્વચ્છ સાગર સુરક્ષિત સાગર" અંતર્ગત માંડવી બીચને પ્લાસ્ટિક મુક્ત કરવા વિદ્યાર્થીઓ તથા પર્યાવરણ પ્રેમીઓ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.

---------------------------------------------------------------------------------

## સ્વસ્થ નારી : સશક્ત પરિવાર અભિયાન

'સ્વસ્થ નારી – સશક્ત પરિવાર' અભિયાન ઉજવણી અંતર્ગત ભચાઉ તાલુકાના પ્રામથિક આરોગ્ય કેન્દ્ર મનફરા ખાતે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ 94 લાભાર્થીઓએ વિવિધ અરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.

---------------------------------------------------------------------------------